
સળંગ અંક ૮૮ ● ઓગષ્ટ ૨૦૧૪

કિંમત ₹ ૫/-

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશનઃ- દર માસની ૧૧ તારીખે



## ગુરુ પૂર્ણિમા

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧

# गुरुपूर्णिमा











# શ્રી સ્વામિનારાયણ

**શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર**


**વર્ષ - ૮ ● અંક : ૮૮**

**ઓગસ્ટ-૨૦૧૪**

**(મૂળ વર્ષ ૪૭)**





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | સંતના લક્ષણ સાધુમાં | ૦૬ |
| ૦૪. | પ્રસાદીના પત્રોનું આચમન | ૦૮ |
| ૦૫. | શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિના મુખેથી ગુરુપૂર્ણિમાં સંદેશ | ૧૧ |
| ૦૬. | NNDYM Camp 2014 (BYRON - GA) | ૧૨ |
| ૦૭. | ટોરડા મંદિરમાં અષાઢીનો તોલ | ૧૩ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૪ |
| ૦૯. | સત્સંગ બાલવાટિકા | ૧૬ |
| ૧૦. | ભક્તિ સુધા | ૨૫ |
| ૧૧. | પ્રશ્ન પેટી | ૨૮ |
| ૧૨. | સત્સંગ સમાચાર | ૨૯ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# ॥ અસ્મદીયમ્ ॥

"જેને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવું હોય તેને ભગવાનનું સ્વરૂપ તત્ત્વે સહિત સમજવું કે તત્ત્વે રહિત સમજવું ?" પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "ભગવાનના સ્વરૂપને જે તત્ત્વે સહિત સમજે છે તે પણ પાપી છે, અને જે તત્ત્વે રહિત સમજે છે તે પણ પાપી છે. ભગવાનના સ્વરૂપમાં તો ભગવાનના ભક્ત હોય તેને તત્ત્વ છે કે નથી એવું ચૂંથણું કરવું ગમે જ નહિ. ભક્ત હોય તે તો એમ જાણે જે, 'ભગવાન તે ભગવાન, એને વિષે ભાગ ત્યાગ કર્યાનો માગ નથી, એ ભગવાન તો અનંત બ્રહ્માંડના આત્મા છે.' અને જેને ભગવાનના સ્વરૂપમાં કોઈ રીતનુ ઉત્થાન નથી તેને નિર્વિકલ્પ સ્થિતિવાળો જાણવો. અને જેને એવી એક મતિ હોય તેને સ્થિતપ્રજ્ઞ જાણવો. અને જે પુરુષને ભગવાનને વિષે એવી દૃઢ મતિ છે તેને ભગવાન સર્વ પાપ થકી મુકાવે છે.

માટે ભક્તો આપણે તો સર્વોપરી શ્રીહરિ મને મળ્યા છે તે અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ અને સર્વ અવતારના અવતારી છે. અને સર્વના કર્તા હર્તા પણ એ જ છે. આ સમજણ જીવમાં પાકી કરી લેવી. તો આપણું કલ્યાણ અને મોક્ષ જરૂર થાય અને થાય જ.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (જુલાઈ-૨૦૧૪)



| | |
|---|---|
| ૧૨ | શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં ગુરુ પૂર્ણિમાના શુભ દિને સંત-હરિભક્તો દ્વારા ગુરુ પૂજન મહોત્સવ ધામધૂમથી સંપન્ન થયો. |
| ૧૩-૧૪ | વાલી (રાજસ્થાન) દેશના ગામોમાં સત્સંગ સભા પ્રસંગે પધરામણી. |
| ૨૧ | પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૧૭ મો પ્રાકટ્યોત્સવ પોતાના શુભ સાનિધ્યમાં સંત-હરિભક્તોએ ધામધૂમથી ઉજવ્યો. |
| ૨૫ | નડીયાદ ગામે કચ્છના પ.ભ. વિઠ્ઠલભાઈને ત્યાં પધરામણી. |
| ૨૭ | શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવા પારાયણ પ્રસંગે પધરામણી. |
| ૩૧ થી ૨૦ | ઓગસ્ટ-૨૦૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર લેસ્ટર (યુ.કે.) દશાબ્દી પાટોત્સવ, અમેરિકા શ્રી સ્વામિનારાયણ મંદિર ડિટ્રોઈટ દશાબ્દી પાટોત્સવ અને અમેરિકામાં લુઈવીલ કંટકી શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. |

**પ્રકાશન માટે સત્સંગ સમાચાર અને ફોટોગ્રાફ મોકલતા સંત-હરિભક્તોને સૂચન**

શ્રી સ્વામિનારાયણ માસિકમાં પ્રકાશન માટે જે કોઈ સંત કે હરિભક્ત તેમણે સત્સંગ સમાચાર, ફોટોગ્રાફ સંપૂર્ણ વિગત સાથે શ્રી સ્વામિનારાયણ માસિકના ઈ-મેઈલ એડ્રેશ પર જ મોકલવા. ફોટોગ્રાફમાં જે તે પ્રસંગ સ્થળનું નામ અવશ્ય લખવું. દર માસની ૨૦ તારીખ સુધી આવેલા સમાચાર અને ફોટોગ્રાફ જે તે અંકમાં પ્રકાશિત થશે. તેની ખાસ નોંધ લેવી. સમાચાર ખૂબજ ટૂંકા અને મુદ્દાસર સારા અક્ષરથી લખીને મોકલવા.

- સંપાદકશ્રી

# સંતના લક્ષણ સાધુનાં

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

શ્રીજી મહારાજે વચનામૃત વડતાલ-૧૦ અને ગઢડા અંત્ય-૭૭ માં સાધુનાં લક્ષણ-૩૦ કહ્યાં અને ગઢડા અંત્ય.-૩૫ માં છ લક્ષણ કહ્યાં. શ્રીમદ્ ભાગવતાદિ પુરાણોમાં ૩૦ લક્ષણ અનાદિથી વર્ણન કરવામાં આવ્યા છે. પરંતુ છ લક્ષણનો શ્રીજી મહારાજે વિસ્તાર કરીને કુલ મળીને ૩૬ લક્ષણ જે સંતમાં હોય તેમાં ભગવાન અખંડ બિરાજમાન રહે છે. એવા સંતને ભગવાનનો સાક્ષાત્ સંબંધ જાણવો એવા સાધુનો દ્રોહ કરે તો ભગવાનનાં દ્રોહ કર્યા બરાબર પાપ લાગે અને એવા સાધુની સેવા કરે તો ભગવાનની સેવા કર્યા તુલ્ય ફળ મળે. આવા સાધુની જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે. તેનું મોક્ષનું દ્વાર ખુલી જાય.

**(૧) દયાળુ** : દરેક પ્રાણી ઉપર દયાવાળા પરન્તુ દુઃખ દેખીને દુઃખી થનારા પોતાને બંધન ન થાય તેવી દયા કરનારા.

**(૨) ક્ષમાશીલ** : મહા અપરાધી જીવ ઉપર ક્ષમા રાખનારા તથા અપકાર પર ઉપકાર કરનારા, દુષ્ટ બુધ્ધિજન ગાળ દે, તાડન કરે તો પણ ક્ષમા કરાખીને તેનું હિત ઈચ્છનારા.

**(૩) તિતિક્ષ** : દેહાદિકના સુખ - દુઃખને સહન કરનારા.

**(૪) અનુસૂય** : બીજાના ગુણોમાં દોષ નહી જોનારા

**(૫) અનિર્ષ્યુ** : બીજાના ઉત્કર્ષ સહન કરી તેના પર ઈર્ષ્યા ન કરનારા

**(૬) નિર્વૈર** : શત્રુ-મિત્ર પોતાના-પારકા ઉપર સમાન ભાવ રાખનારા

**(૭) નિર્માન** : વિદ્યાદિક ગુણના અભિમાન રહિત અને પોતાના સ્વાર્થ રહિત અપમાનને સહન કરનારા.

**(૮) નિર્મત્સર** : સર્વેનો સમુત્કર્ષ સહન કરનારા કોઈ લે ને દે તેમાં રાજી થવા વાળા.

**(૯) માનદ** : સ્વાર્થ વિના સર્વને માન આપનારા.

**(૧૦) નિર્દંભ** : જેવી વાણી તેવું વર્તન દંભ વડે બીજાને ન ઠગનારા - પોતાના ગુણોને અધિક ન બતાવનારા સ્વાર્થ માટે ગુણોનો દેખાવ કરવાની વૃત્તિ વિનાના.

**(૧૧) શુચિ** : બહાર- અંતર શુદ્ધ શૌચવાળા અર્થાત્ દેહ-મનને શુદ્ધ રાખનારા.

**(૧૨) દાન્ત** : પંચજ્ઞાનેન્દ્રિયોને વશ રાખીને કર્મેન્દ્રિયોથી નિયમિત રહેનારા.

**(૧૩) ઋજુ** : મન વાણી અને શરીરથી એકરૂપ રાખનારા મનમાં જુદું અને બોલવાનું જુદુ એવા દોષ વિનાના.

**(૧૪) જીતેન્દ્રિય** : પંચજ્ઞાનન્દ્રિયોને વશ રાખનારા જીતનારા.

**(૧૫) નિર્દ્વન્દ** : ઠંડી ગરમી સુખ દુઃખ માન અપમાન શત્રુ મિત્ર હર્ષ શોક સમાન રાખીને આપત્કાળમાં ધૈર્ય રાખનારા.

**(૧૬) ઉદાર** : સ્વાર્થ વિના પાત્ર કુપાત્ર જીવોને આત્માના શ્રેયને માટે ઉપદેશ આપનારા.

**(૧૭) આસ્તિક** : આત્મા પરમાત્માની પ્રાપ્તિના સાધનોમાં દઢ વિશ્વાસ અને શ્રદ્ધાવાળા.

**(૧૮) દઢ વ્રતવાળા** : ભગવાનની યથાર્થ આજ્ઞાનું પાલન કરવામાં દઢ વ્રતવાળા સ્વધર્મમાં સ્થિરમતિ વાળા.

**(૧૯) ક્ષમાવાન** : દરેકનાં તિરસ્કાર મુક્ત વચનો પ્રત્યક્ષ કે પરોક્ષ સાંભળવા છતાં પ્રસન્ન મુખ રાખીને મૌન સહન કરનારા.

**(૨૦) નિંદ્રાજીત** : દોઢ પ્રહર સાડા ચાર કલાકથી વધુ નિદ્રા ન લેનારા.

**(૨૧) આહારજીત** : ધાતુપાત્ર વિના કાષ્ટાદિકમાં પદાર્થ ભેગો એક કરીને તેમાં પાણી ભેળવી એકજવાર આહાર લેનારા.

**(૨૨) આસનજીત** : યોગોપકરણથી પરિપૂર્ણ

આસન જીતનારા એકાસને વધુ સમય રહેનારા.

**(૨૩) તપ :** કૃષ્ટ ચાન્દ્રાયણાદિક વ્રત ઉપવાસ કરીને પંચ વિષયોમાંથી વૃત્તિયોને પાછી વાળનારા.

**(૨૪) સત્ય :** પ્રિય અને નમ્રતાપૂર્વક અહિંસક સત્ય વચન બોલનારા.

**(૨૫) સંતોષ :** માયિક પદાર્થો માટે દિનપણા વિનાના જેટલું મળે તેમાં જ સંતોષ તૃપ્તિ રાખનારા.

**(૨૬) શ્રુત :** સર્વ શાસ્ત્રના અર્થોને યથાર્થ જાણવાવાળા તેમજ સત્શાસ્ત્રના અભ્યાસના વ્યસનવાળા તથા ગ્રામ્યવાર્તાનો સદાય ત્યાગ કરનારા.

**(૨૭) ષડરિપુજીત :** કામ, ક્રોધ, લોભ, મોહ, માન, સ્વાદ આ છ શત્રુઓને જીતીને તેનાથી પરાભવ નહીં પામનારા.

**(૨૮) વ્યસનરહિત :** કોઈપણ જાતના ખાવાપીવાનાં કેફી પદાર્થોને ત્યાગ કરનારા.

**(૨૯) હિંસારહિત :** મન કર્મ વચને કરીને કોઈપણ પ્રાણીનો દ્રોહ નહી કરનારા.

**(૩૦) ક્રિયા :** ભગવાનની કથા કીર્તન વાર્તા નામ સ્મરણ ધ્યાન ધારણા આદિક ભગવાન સંબંધી ક્રિયા વિના ક્ષણમાત્ર વૃથાસમય નિર્ગમન ન કરનારા.

આ રીતે શ્રીમદ્ ભાગવત પુરાણ એકાદશ સ્કંધમાં ૩૦ લક્ષણોવાળા જે હોય તેને સંત જાણવા. ગઢડા અંત્ય-૩૫ માં શુકમુનિના પ્રશ્નના જવાબમાં શ્રીજી મહારાજ બોલ્યા કે : સાધુના હૃદયમાં ભગવાન રહ્યાં હોય તે સાધુનાં લક્ષણ છે જે (૧) ભગવાનને સાકાર સમજે ગમે તેવા નિરાકારના શાસ્ત્રોનું શ્રવણ થાય તોય ભગવાનને સદાય સાકાર જાણે, અનેક બ્રહ્માંડની ઉત્પત્તિ સ્થિતિ લયના કર્તા સદા અક્ષરધામને વિષે બિરાજમાન છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે. આ સમજણ કોઈ કાળે ડગે નહિ. (૨) ભગવાનની એકાંતિક ભક્તિ પોતે કરે અને કોઈ બીજા કોઈ કરે તે જોઈને બહુ રાજી થાય. (૩) ભગવાનના ભક્તમાં રહેવું હોય તેમાં કોઈ સ્વભાવ આડે આવે તે સ્વભાવ મુકે પણ ભક્તનો સંગનો ત્યાગ ન કરે અને પોતના સ્વભાવને સાધુ ખોદે તો સાધુનો અભાવ ન લે અને પોતાના સ્વભાવનો અવગુણ લેતો રહે પણ કચવાઈને ભક્તના સમૂહમાંથી છેટે (અલગ ચોકો મંડળ આશ્રમ બનાવીને) રહેવાનો કોઈ દિવસ મન ઘાટ પણ ન કરે, ભક્તના સમૂહમાં પડ્યો રહે. (૪) સારુ વસ્ત્ર, ભોજન, જળ, પદાર્થ, પ્રાપ્ત થાય તો આ પદારથ ભગવાનના ભક્તને આપીને રાજી થાય. (૫) જેવો એ માંહિ અંદર હોય તેને સર્વ જાણે જે આવો તે આવો છે ) (દંભ વિનાનો) (૬) શાંત સ્વભાવ વાળો, કુસંગીની સોબત ન ગમે ને થાય તો તપી જાય એવી રીતે વિમુખના અંગની સ્વભાવિક અરુચિ વર્તતી હોય. આવો છ લક્ષણે યુક્ત જે સાધુ હોય તેના હૃદયમાં સાક્ષાત્ ભગવાન બિરાજમાન છે એમ જાણવું. ગ.પ્ર. ૭૭ માં શ્રીજી મહારાજે કહ્યું કે ''જેને ભગવાનના સ્વરૂપનો નિશ્ચય હોય તેમાં એકાદશ સ્કંધમાં કહ્યાં એવાં જે સાધુનાં ત્રીશ લક્ષણ તે આવે છે. માટે જેમાં ત્રીશ લક્ષણ સંતના ન હોય તેને પુરો સાધુ ન જાણવો અને જ્યારે પ્રભુના ગુણ સંતમાં આવે ત્યારે તે સાધુ ત્રીશ લક્ષણે યુક્ત કહેવાય.''

શ્રીજી મહારાજે અહીં સંત અને સાધુની વ્યાખ્યા અલગ કરી. જેમાં ત્રીશ લક્ષણ સંતનાં ન હોય તેને પુરો સાધુ ન જાણવો. એટલે કે સાધુમાં સંતના લક્ષણો હોવા જોઈએ. સાધુ આશ્રમ છે. સંતનો કોઈ આશ્રમ નથી. ૩૦ લક્ષણ જેમાં હોય તેને સંત કહેવાય તે કોઈ પણ આશ્રમમાં હોય. સાધુ તો ગણવેશ થી ઓળખાય તો સંત ગુણવેશથી ઓળખાય.

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

www.swaminarayan.info

www.swaminarayan.in

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૩૦ ● શયન આરતી ૨૦-૩૦

# પ્રસાદીના પત્રોનું આચમન

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ)

મૂળ પત્ર : લિખાવિતં પાંડે શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ જત સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામિ આદિ અધિકારી સમસ્ત નારાયણ વાંચજ્યો.

બીજું લખવા કારણ એમ છે જે સ્વામી શ્રી સહજાનંદજી મહારાજની આપણને એમ આજ્ઞા છે જે આપણે કોઈનું કરજ ન કરવું તથા થાપણ ન રાખવી તથા પોતાના સેવક સત્સંગી બાઈભાઈ હોય તેમને વ્યાજે રૂપૈયા ન દેવા અને મુહોબત્તને પેટે જો દેવા પડે તો ઊછીના કરીને દેવા પણ પાછી તેની પાસે ઉઘરાણી ન કરવી ને પોતાને જાણે આવે તો જ લેવા ને કુસંગીને વ્યાજે રૂપૈયા દેવા હોય તો તેનું ઘરેણું રાખી ને દેવા અને સત્સંગીને તો ઘરેણું રાખીને પણ ન દેવા અને બીજી જે વરત્યાની રીત તે તો શિક્ષાપત્રીમાં મહારાજે લખી છે તે પ્રમાણે વરતવું.

અને આ લખ્યા પ્રમાણે શ્રીજી મહારાજની આજ્ઞા જે નહી માને તે અમારો સેવક નહિ ને તે વચનદ્રોહી ને ગુરુદ્રોહિ છે ॥ સંવત ૧૮૮૫ ના પોષ સુદી ૧૨ ॥

વિવરણ : આ જીવના આત્યંતિક કલ્યાણમાં સૌથી મોટું વિઘ્ન હોય તો તે ધનનો લોભ છે. અને તેણે કરીને બીજા અસંખ્ય દુર્ગુણો આવે છે. જીવનનો ઘણો મોટો ભાગ આપણે ધનનો સંગ્રહ કરવામાં અને લેતી દેતી કરવામાં ગુમાવીએ છીએ. ક્ષુલ્લક ધનની પ્રાપ્તિને અર્થે પ્રભુ ભજનનો અતિ કિંમતી સમય ગુમાવીએ છીએ. શ્રીહરિએ ધર્મવંશી આચાર્યશ્રીને સત્સંગી સમસ્તના ગુરુપદે સ્થાપ્યા અને મંત્રદીક્ષા આપીને જીવનું કલ્યાણ કરવાની જવાબદારી પણ તેમને સોંપી. પોતાનો આશ્રિત સેવક આ વ્યવહારમાં પૈસે ટકે કરીને દુઃખી ન થાય તે અર્થે શ્રી નરનારાયણદેવ દેશના આદિ આચાર્યશ્રી પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ ઉપરોક્ત પત્ર લખાવ્યો છે.

શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં એવી આજ્ઞા કરી કે આપણે ઊપજ કરતાં વધારે ખરચ ન કરવું નહિ તો મોટું દુઃખ થાય. માટે સર્વે હરિભક્તોએ ખાસ સમજવું કે આપણે તો હરિભજન કરીને આત્યંતિક કલ્યાણ કરવા માટે જ આ દેહનો ઉપયોગ કરવો છે. વ્યવહાર માર્ગમાં રહીને પણ કોઈ ઉપાધિ ન થાય તે માટે નીતિથી જ ધર્મ-અર્થની પ્રાપ્તિ કરવી અને ત્યાર પછી તેમાંથી દશાંશ-વિશાંશ ધર્માદો તથા નામવેરો કાઢવો. ત્યાર પછી રહેતી ઉપજમાંથી યથાયોગ્ય રીતે વ્યવહાર કાર્ય કરવાં અને પુણ્યકાર્યને વિશે ધન વાપરવું. આ વિવેક બુદ્ધિ રાખવાથી આશ્રિતજનને પ્રભુ ભજનમાં અડચણ કરે તેવી કોઈ વ્યવહારિક ઉપાધિઓ આવશે નહિ.

આજનો જમાનો અતિવ્યસ્ત જણાય છે તેનું કારણ માત્ર એક જ છે કે, બાઈ-ભાઈ, ગરીબ તવંગર, જ્ઞાની-અજ્ઞાની, રાજા-પ્રજા સર્વે ધન કમાવવામાં પડ્યા છે. આ જીવને ધનનો લોભ એટલો છે કે તેને શરીરની પણ ગણના નથી. અવસ્થા થઈ ગઈ હોય, શરીરમાં ઝાઝા રોગ હોય તો પણ મંદિરમાં જવાનું મૂકીને ધન કમાવા જાય છે. પણ શ્રીહરિ તો દરેકને જરૂર હોય તેટલું જ અને ત્યારે જ આપે છે. તે સિવાય ગમે તેટલો પુરુષ પ્રયત્ન કરે કશું મળતું નથી. નારાયણને ભજશો તો લક્ષ્મીજી જરૂર આવશે એમાં શંકા નથી. ગૃહસ્થ અને વહીવટકર્તા ત્યાગી વર્ગે પણ, કરજ ન કરવું. તે સોનેરી સૂત્ર અચૂક અમલમાં મૂકવું. જેને માથે કરજ હોય તેને ક્યારેય સુખેથી નિદ્રા આવતી નથી. તે ક્યારેય નિરાંતે પ્રભુ ભજન કરી શકતો નથી. પણ આ જીવની અવળચંડાઈ એવી છે કે ઘણા તો કરજ લઈને પછી નિશ્ચિંત બની જાય છે કે આપણે ક્યાં પાછા દેવા છે ! પણ કર્મના સિદ્ધાંતો પ્રમાણે તમારે આજે નહિ તો કાલે, આ જન્મે નહિ તો આવતા જન્મે પણ તે ઋણ તો ચૂકવવું જ પડે છે. આ ઈશ્વરનો ન્યાય છે ત્યાં કશી પોલંપોલ નથી. આ જીવનમાં ક્યાંયથી, કશું પણ મફત મેળવવાની વૃત્તિ જ ન રાખવી તે જ સાચો ધર્મ છે.

વળી આચાર્યશ્રી લખાવે છે તે પ્રમાણે કોઈની થાપણ પણ ન રાખવી. કેમ કે આજે રાખેલી થાપણ ભવિષ્યમાં તો ક્યારેક પરત કરવાનીજ હોય છે તેથી તેની માલિકી આપણી નથી. જે બીજા કોઈનું હોય તેને સાચવવામાં કે રાખવામાં કાંઈ લાભ નથી પણ દુઃખ નથી. વ્યક્તિએ ભેગા કરેલા ધનમાં મોહને લીધે તો, મર્યા પછી પણ તેને અર્થે ભૂત પ્રેત થયાના દાખલા ઓછા નથી.

પોતાના સત્સંગી સેવકોને વ્યાજે રૂપૈયા ન દેવા. અંગ્રેજીમાં ઊક્તિ છે કે **lend your money and lose your friend.** પોતાના સેવકોને રૂપિયા આપવાનો નિષેધ નથી પરંતુ તેમની પાસેથી વ્યાજ લેવાનો નિષેધ છે. જે સેવકો પોતાની સેવાચાકરી કરતા હોય તેમને મદદ કરવાના હેતુથી રૂપિયા જરૂરથી દેવા પણ તેની પાસે વ્યાજ લેવાય નહિ. રૂપિયા આપવાની પણ રીત બતાવી કે, આપેલા રૂપિયાની ઊઘરાણી કરવી નહિ. તેની મેળે જ્યારે આવે ત્યારે લેવા. આપેલા રૂપિયા પાછા લેવાના નથી તેવી ભાવનાથી આપ્યા હોય તેથી કદાચિત ખરેખર ન આવે તો પણ જીવને ઊચાટ થાય નહિ. વળી લેનાર સત્સંગી હોય તેથી તેની સાથે વૈરભાવ થાય નહિ. લેનારના હૃદયને વિષે પણ પરમાત્મા બિરાજમાન છે તેથી તેમને દુઃખ થાય તેવું હરગીઝ કરવું નહિ. રૂપિયાનો વહેવાર આ દેહનો-આલોકનો છે તેને અર્થે પરલોક-કલ્યાણ બગાડાય નહિ. શિક્ષાપત્રી પ્રમાણે પૃથ્વીધનનો વ્યવહાર લેખિતમાં જ કરવો. પણ તેમ કર્યા પછી પણ જ્યારે તેની ઊઘરાણી કે **Recovery** નો પ્રસંગ આવે ત્યારે આ પત્રનું મનન જરૂર કરવું.

કુસંગીને રૂપિયા આપવા પડે તો, તેની પાસેથી કાંઈ મિલ્કતનો ગીરો હક્ક લખાવીને આપવા જેથી તેની ઉઘરાણી વખતે મુશ્કેલી ન પડે. આજના યુગમાં આચાર્ય મહારાજશ્રીના આ સોનેરી સૂત્રનો ઉપયોગ તો, બેંકો વગેરે જ્યારે ઘર-કાર વગેરે ખરીદવા લોન આપે છે ત્યારે કરે જ છે. ઘર ગીરો મુકાવીને જ તેની ઊપર લોન આપે છે તેવી કંપનીના પાકાં સરવૈયા તપાસતાં માલુમ પડશે કે તેમની ઘાલખાધની રકમ લગભગ નહિવત જ હોય છે. આજના આ બધા નાણાંકીય સિદ્ધાંતો **Finance Mangament Principles** આપણા આદિ આચાર્યશ્રીએ આજથી બસો વર્ષ પૂર્વે જ આપણને શિખવાડેલા છે. પણ કમનસીબી આ જીવની છે કે લોભ-મોહ વૃતિને કારણે આ સનાતન સત્ય સિદ્ધાંતો આપણે સમજી શકતાં નથી.

સત્સંગીને તો રૂપિયા આપવાની રીતિ શિખવતાં તેઓશ્રી ખાસ જણાવે છે કે, એક તો તેની પાસેથી વ્યાજ ન લેવું, બીજું તેની પાસેથી મિલ્કત ગીરો ન લખાવી લેવી અને ત્રીજું તે રૂપિયાની ઉઘરાણી ન કરવી. આ ત્રણ શરતનું પાલન કરવાનું આપણું ગજું હોય તો જ રૂપિયા દેવા નહિ તો નમ્રતા પૂર્વક આપણે આપણી મુશ્કેલી તેને જણાવવી. આ ત્રણ શરતનું પાલન કરવાથી કોઈપણ સંજોગોમાં આપણને તે હરિભક્તનો અભાવ-અવગુણ નહિ આવે. તે સિવાય તો ધનનો વ્યવહાર માર્ગ જ એવો છે કે અવગુણ આવ્યા વગર રહે નહિ અને ત્યારે આપણા કલ્યાણમાં જરૂર ખામી આવે જ, રૂપિયા જેવી ક્ષુલ્લક બાબત સારુ આપણે આપણું કલ્યાણ ખોવું નહિ.

આનો અર્થ એવો નથી કે સત્સંગીને રૂપિયા ન દેવા. જો આપણે સાચા સત્સંગી હોઈએ અને સત્સંગને વિષે આત્મબુદ્ધિ હોય, શ્રીહરિને વિષે અચળ નિષ્ઠા હોય અને ભગવાને આપણને સાધન સંપન્ન બનાવ્યા હોય તો, સાચા હરિભક્ત માત્રને આપણા કુટુંબનો સભ્ય જાણીને તેને યથાયોગ્ય મદદ જરૂર કરવી. આપણે તે હરિભક્તને મદદ નથી કરતા પણ તેના હૃદયમાં રહેલા શ્રીહરિને રાજી કરીએ છીએ તેવી ભાવના રાખવી. ધર્મવંશી આચાર્યનો આશ્રિત ત્યાગી-ગૃહસ્થ શિક્ષાપત્રીની આજ્ઞા પ્રમાણે વર્તીને જીવન વ્યતિત કરતો હોય અને તેને જ્યારે જરૂર હોય ત્યારે જો આપણી ધન સંપત્તિ સામાજીક હોદ્દો, અધિકારીની રૂએ તેને કંઈપણ ઉપયોગી થઈએ તો તેમાં શ્રીહરિનો અતિશય રાજીપો છે. આદિ આચાર્ય મહારાજશ્રીએ સંપ્રદાયના વડા તરીકે, કુટુંબના મોભી તરીકે પોતાના બધા જ આશ્રિતો વચ્ચે સદાય ભાઈ-ચારો વધે, આત્મબુદ્ધિ રહે, ક્ષુલ્લક કારણોસર મનભેદ ન થાય, માયિક કારણો માટે હરિભક્ત માત્રનો અવગુણ ન આવે તેથી જ તો આપણને આ સચોટ સિદ્ધાંતોનો પત્ર લખીને આપણને ચેતવી દીધા છે. આપણે પરિપકવતાની સમજણ રાખીને, તેમની આજ્ઞાઓને વાંચવી વિચારવી અને તેમજ વર્તવું.

ટૂંકાણમાં સુખેથી પ્રભુભજન કરીને જીવન વ્યતીત કરવા માટે આપણે :-

(૧) કરજ ક્યારેય ન કરવું.

(૨) સેવક સત્સંગીઓને રૂપિયા આપીને તેમની પાસેથી ક્યારેય વ્યાજ ન લેવું. અર્થાત્ રૂપિયા આપવા તો વગર વ્યાજે જ આપવા.

(૩) સત્સંગી-સેવકોને રૂપિયા આપતી વખતે જ તે પાછા નથી આવવાના તેવી ભાવના રાખીને જ આપવા.

(૪) આપ્યા પછી તે પાછા લેવાની ઉઘરાણી ન જ કરવી. તેની મેળે હરિ ઈચ્છાએ આવે ત્યારે લેવા.

(૫) સત્સંગીને રૂપિયા આપવા ત્યારે તેની પાસેથી કોઈ મિલ્કત ગીરો લખાવી લેવી નહી.

(૬) કુસંગીને મિલ્કત ગીરો લખાવી લીધા સિવાય રૂપિયા આપવા નહિ.

(૭) શિક્ષાપત્રી શ્લોક ૧૪૧, ૧૪૩, ૧૪૪, ૧૪૫, ૧૪૬ ઈત્યાદિક આજ્ઞાઓનું વ્યવહાર કાર્યને વિશે અચૂક પાલન કરવું.

આમ કરવાથી સત્સંગમાં આત્મબુદ્ધિ વધશે. વ્યાવહારિક મુશ્કેલીઓ ઘટશે. માનસિક તનાવમાં ઘટાડો થશે અને સુખેથી પ્રભુભજન થશે. આચાર્યશ્રી પોતાના સેવક-આશ્રિતોનું વ્યવહારિક દુઃખ જોઈ શકતા નથી. તેથી અંતે તેઓ લખે છે કે આ પ્રમાણે નહિ વર્તે તે અમારો સેવક નથી. અને તેના કલ્યાણની જવાબદારી સ્વભાવિક રીતે જ તેઓ ન લે. આ લોકમાં કેવી રીતે વર્તવું કે જેથી આપણો પરલોક બગડે નહિ તે માટે તેઓશ્રીએ દયા કરીને આ પત્ર લખાવડાવ્યો છે. તે ખટકો રાખીને આપણે તે પ્રમાણે વર્તવું.

લગભગ ૧૮૦ વર્ષ પહેલાં અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશની ગાદીના આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીએ લખાવેલ આ અસલ પત્ર અત્યારે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હોલ નં. ૯ માં હરિભક્તોના દર્શનાર્થે રાખવામાંઆવેલ છે. તેનાં દર્શન કરી સૌ હરિભક્તો રાજી રહેજ્યો.

**શ્રી સ્વામિનારાયણ માસિકના વાર્ષિક લવાજમ ભરતા સભ્યોને સૂચન**

શ્રી સ્વામિનારાયણ માસિકના વાર્ષિક લવાજમ ભરતા સભ્યોને ખાસ સૂચન છે કે તેઓ દર વર્ષે લવાજમ ભરતી વખતે એમ.ઓ. ચેક અથવા રૂબરૂ ભરવા આવે ત્યારે તેમનો સભ્ય નંબર અચૂક જણાવવો. ઘણા સભ્યો સભ્ય નંબર જણાવતા જ નથી. સભ્ય નંબર વગર લવાજમ લેવાશે નહી. એમ.ઓ.ના ફોર્મમાં રકમ મોકલતી વખતે ભેટ/લવાજમ આદિ વિગત તેમાં અચૂક દર્શાવવી.

**જેતલપુરધામ પૂનમે વાહન લઈને આવતા હરિભક્તોને સૂચન**

જેતલપુર નિવાસી પરમકૃપાળુ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના પૂનમે દર્શને વાહન લઈને આવતા હરિભક્તોને ખાસ સૂચન છે કે આપનું વાહન ટુ-વ્હીલર, ૪ વ્હીલર કે કોઈપણ વાહન જેતલપુર મંદિર આગળ રસ્તા પર કે જ્યાં ત્યાં પાર્ક કરવું નહીં. જ્યાં ત્યાં પાર્ક કરવાથી દર્શનાર્થે આવતા દરેક ભક્તોને તેમજ જેતલપુર ગામના લોકોને પણ ઘણીજ અડચણ ઉભી થાય છે. માટે દરેકે પોતાનું વાહન જેતલપુર મંદિરની માલિકીના કૌશલેન્દ્ર બાગમાં જ પાર્ક કરવું. તેની ખાસ નોંધ લેવી. (મહંત સ્વામી, જેતલપુર)

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**

shreeswaminarayan9@gmail.com

**નીચેના મહામંદિરોમાં નિત્ય દર્શન માટે**

જેતલપુર : www.jetalpurdarshan.com
મહેસાણા : www.mahesanadarshan.org
છપૈયા : www.chhapaiya.com
ટોરડા : www.gopallalji.com
નારણઘાટ : www.narayanghat.com
વડનગર : www.swaminarayanmandirvadnagar.com
પ્રયાગ : www.prayagmilan.org
અયોધ્યા : www.ayodhyaswaminarayanmandir.com

# શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિના મુખેથી ગુરુપૂર્ણિમાં સંદેશ

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (બાપુનગર)

છેલ્લા કેટલાક વર્ષોથી આપણે આપણા આ સંપ્રદાયની ઉન્નતિ પ્રગતિ જોઈ રહ્યા છીએ. ઉન્નતિ એટલે એવું નથી કે માત્ર પૈસાથી જ તેનું માપ નીકળે. સંસ્કારો, સુખ-શાંતિ, સંપ, સત્સંગ અને ભક્તિમાં જે અભિવૃદ્ધિ થાય તેનું નામ ઉન્નતિ છે. ઉન્નતિનું જો કોઈ કારણ હોય તો એ છે કે આપણે શ્રીનરનારાયણદેવને કેન્દ્ર સ્થાને રાખ્યા છે. અમે વારંવાર કહેતા આવ્યા છીએ અને આજે પણ એ જ કહીએ છીએ કે મહારાજે નરનારાયણદેવ પધરાવ્યા પછી ઉંબરા પર ઉભા રહીને કહ્યું છે કે અમારામાં અને આ નરનારાયણદેવમાં લેશમાત્ર ફેર નથી. તેથી જ આપણું સુખ, આપણી પ્રગતિ કે ઉન્નતિ કે આપણો શ્વાસ જે કંઈ કહો તે શ્રી નરનારાયણદેવના કારણે છે. જે સંસ્થામાં ભગવાન કેન્દ્ર સ્થાને હોય તેની પ્રગતિ થાય છે. જે સંસ્થામાં કોઈ વ્યક્તિ વિશેષ કેન્દ્રમાં હોય તે સંસ્થા ખાડે જાય છે. વ્યક્તિ તરીકે અમારી કોઈ કિંમત નથી. મહારાજે આચાર્ય પદની સ્થાપના કરી છે, વ્યક્તિની નહી. શ્રીનરનારાયણદેવની આ ગાદી પર પ્રથમ આદિ આચાર્ય તરીકે મહારાજે શ્રી અયોધ્યાપ્રસાદજી દાદાની નિમણુંક કરી. ત્યાર પછી પૂ. કેશવપ્રસાદજી દાદા અને એ રીતે પરંપરામાં થોડા વર્ષો પહેલા પૂ. બાપજી, અમારા પિતાશ્રી, આજે અમે, તો કેટલાક વર્ષો પછી લાલજી મહારાજ આ ગાદી પર હશે. સર્વે આચાર્યોએ નરનારાયણદેવને કેન્દ્રમાં રાખ્યા છે.

અમે ગઈ કાલ સુધી વિદેશ હતા અને આજે અહીં આવી ગયા. તેનું કારણ ગુરુ પૂર્ણિમાના પર્વે અમે પૂજાવા માટે નહી પરંતુ ગુરુપૂર્ણિમા પ્રસંગે અમને શ્રીનરનારાયણદેવનું દર્શન થાય તે હેતુ તેમાં સમાયેલો છે. કારણ કે આ દેવ સર્વે ગુરુના પણ ગુરુ છે. અહીં આવીને દર્શનાર્થીઓની આજે જે ભીડ જોઈ (નિજ મંદિરમાં, પ્રાંગણમાં, સભા મંડપમાં અને રંગ મહોલમાં ચારેય બાજુ ભક્તજનોનો મહેરામણ ઉમટ્યો હતો. આ સમયે હરિભક્તોનો દબદબો તેમજ આતશબાજી, શરણાઈઓના સૂર, ઢોલ - ત્રાંસાના પડઘમ અને બાળકોના રાસની રમઝટથી પર્વની રોનક કંઈક અલૌકિક પ્રકારની હતી) તે ભીડને કારણે આનંદ નથી થતો. પરંતુ આપ સૌ આજના પ્રસંગે આટલી વિશાળ સંખ્યામાં શ્રી નરનારાયણદેવનું દર્શન કરવા આવ્યા છો, આપ સૌમાં શ્રી નરનારાયણદેવ પ્રત્યે જે શ્રધ્ધા, ભક્તિ અને નિષ્ઠાનું દર્શન થાય છે તે જોઈને અમને આનંદ થાય છે.

સંતોએ કહ્યું કે મહારાજશ્રીની આજ્ઞામાં રહેવું, અનુવૃત્તિમાં રહેવું તો અમારી આજ્ઞા શ્રીજી મહારાજની આજ્ઞામાં જ સમાયેલી છે. મહારાજે શિક્ષાપત્રીમાં ૨૧૨ શ્લોકો લખ્યા. ૨૧૨ શ્લોકોમાં જે જે આજ્ઞાઓ આપણા સૌ માટે કરી તેથી વિશેષ ૨૧૩ મી આજ્ઞા અમે કોઈને કરતા નથી. આપણે કંઈ નવીન કરવાનું નથી. મહારાજે જે આપ્યું છે તે સંપૂર્ણ છે અને તે જ ચીલા પર આપણે ચાલવાનું છે.

આપણો જે આ પરિવાર છે તેમાં અરસ પરસ હેત પ્રીત અને સંપ રાખીએ. દુનિયાને કોઈ સુધારી શકે તેમ નથી. દુનિયાને સુધારવા કરતાં સૌ પ્રથમ આપણે જ સુધરીએ. ઘણાને એમ થાય કે અમે અમારા દીકરા-દીકરીને બહુ મોટી નામાંકિત કોલેજમાં ભણવા માટે મૂક્યા, મા-બાપ ઉંચી ફી ભરતા હશે. ઉંચી ભૌતિક ડિગ્રી પણ પ્રાપ્ત થશે પરંતુ આપણે જોઈએ છીએ કે ગમે તેવી નામાંકિત શૈક્ષણિક સંસ્થા હશે તો પણ વિદ્યાર્થી અપશબ્દો બોલવાનું ત્યાંથી જ શીખે છે. કોઈ બાળક પોતાના ઘર કે કુટુંબમાંથી અપશબ્દો બોલવાનું શીખતો નથી. સંસ્કારોની પ્રાપ્તિ તો આપણા આ મંદિરો અને સંતો દ્વારા જ થાય છે. એટલે મંદિરો અનિવાર્ય છે.

અંતમાં પ.પૂ. મહારાજશ્રીએ સૌને ખૂબજ રૂડા શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

આપણા સૌના ઈષ્ટદેવ સર્વાવતારી શ્રીહરિ, સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીની કલમે, પોતે સ્થાપેલા ધર્મવંશી આચાર્યશ્રીની ઓળખાણ કરાવતા આપણને કહે છે.

**એને રાજી રાખશો જો તમે રે,**
**તો તમ પર રાજી છીએ અમે રે ॥**
**એને રાજી રાખશે જે જન રે,**
**તેણે અમને કર્યા પરસન રે ॥**
**કાં જે અમારે ઠેકાણે એ છે રે,**
**તે તો પ્રવીણ હોય તે પ્રીછે રે ॥**

માટે આપણે હોંશિયાર ત્યારે જ કહેવાઈએ કે જ્યારે આપણે આપણા આચાર્યશ્રીને શ્રીહરિની જગ્યાએ જાણીને ગુરુપૂર્ણિમાના સંદેશ મુજબ શિક્ષાપત્રીની મર્યાદામા રહીને શ્રીહરિનું ભજન-ભક્તિ કરીએ.

# NNDYM Camp 2014 (BYRON - GA)

શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કેમ્પ ૨૦૧૪ (બાયરન) (શા. સ્વા. રામકૃષ્ણદાસજી - કોટેશ્વર)

''જે દેશ કે સમાજનો યુવાન ઉજ્જવળ છે એ દેશનું અને સમાજનું ભવિષ્ય પણ ઉજ્જવળ છે.'' આ ઉક્તિને સાર્થક કરવાને દેશ અને સત્સંગના યુવાનોનું ભવિષ્ય સામાજીક આર્થિક અને ધાર્મિક દ્રષ્ટિએ ઉજ્જવળ બને એવા શુભ હેતુથી આજથી લગભગ ૨૫ વર્ષ પહેલા પ.પૂ. મોટા મહારાજશ્રીની પ્રેરણાથી વિદ્યમાન આચાર્ય મહારાજશ્રીએ (એ સમયે લાલજી મહારાજશ્રી) શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સ્થાપના કરીને હજારો યુવાનોને સાચો રાહ બતાવ્યો. એ પ્રવાહમાં હજારો નવયુવાનો દેશ અને વિદેશના પણ જોડાયા. વિશેષ કરીને વિદેશમાં જન્મેલાને વિદેશની સંસ્કૃતિની વચ્ચે રહીને પણ આપણા સંસ્કારો જળવાઈ રહે ને બાળકોને સ્વામિનારાયણ ભગવાનની સાચી ઓળખાણ થાય એવા શુભ હેતુથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ એક ભગીરથ કાર્યનો મહાન સંકલ્પ કર્યો અને એ સંકલ્પ હતો યુવાનોને એકઠા કરી ઘરથી દૂર જઈ કેમ્પ (સત્સંગ શિબિર) કરવાનો, ૨૦ વર્ષથી આ કેમ્પની પરંપરા અવિરત ચાલે છે. ૧૫ વર્ષ સુધી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આ કેમ્પ દ્વારા અનેક યુવાનોને નરનારાયણદેવની સાચી ઓળખાણ કરાવી. દેવ-આચાર્ય, સંત-સત્શાસ્ત્ર અને ભક્તોના આ પરિવાર પોષ્યો. એજ પરંપરાને છેલ્લા ૫ (પાંચ) વર્ષથી પ.પૂ. ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રી આગળ વધારી રહ્યા છે. ને એ ન્યાયે વર્ષ ૨૦૧૪ નો શ્રી નરનારાયણદેવ યુવક મંડળનો કેમ્પ (સત્સંગ શિબિર) બાયરન જર્યોજીયા ખાતે યોજાયો.

તા. ૬-૭-૧૪ થી ૧૨-૭-૧૪ પર્યંત યોજાયેલા આ કેમ્પનું મુખ્ય સૂત્ર હતું : **1 God, 1 Vision, 1 Leader** (એક ભગવાન, એક ધ્યેય, એક આચાર્ય) અમેરિકા અને ઈંગ્લેન્ડથી ૬૦૦ બાળકો-બાલિકાઓએ આમાં હર્ષભેર ભાગ લીધો હતો. દરરોજ સવારમાં વહેલા જાગી સ્નાન-પૂજાવિધિથી દિવસનો આરંભ થતો. દરરોજ સવારે ને સાંજે ૨-૨ કલાકના જ્ઞાનસત્ર યોજાતા. જેમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં વિદ્વાન સંતો તથા ભક્તો દ્વારા બાળકોને સાચું જ્ઞાન પીરસવામાં આવતું. સત્રના સમાપનમાં પૂ. લાલજી મહારાજશ્રી જાતે એ વિષય પર બાળકોના વિવિધ પ્રશ્નોનું સમાધાન કરતા. દરરોજ રાત્રે વિવિધ સ્પર્ધાઓનું આયોજન થતું ને પ્રભુ સ્મરણ સાથે દિવસનું સમાપન થતું. જ્ઞાન-ભક્તિ ગમ્મતમાં દિવસ ક્યારે પૂર્ણ થઈ જાય તેની ખબર જ ન રહેતી. ધર્મના જ્ઞાનની સાથો સાથ જીવન-વિકાસ લક્ષી જ્ઞાન, પણ ખૂબ પીરસાયું. વિવિધ રમતો રમાઈ ને રમતો દ્વારા પણ જ્ઞાન પ્રાપ્ત થયું.

પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં ગુરુ પૂર્ણિમા તથા રંગોત્સવ જેવા ઉત્સવો પણ ઉજવાયા. જેનો લાભ પ્રાપ્ત કરી બાળકો ધન્ય ધન્ય બન્યા. કેમ્પના સમાપનના



દિવસે બાળકોની આંખમાં ખૂબ ખૂબ જ્ઞાન - ભક્તિ અને નવા-નવા મિત્રો પ્રાપ્ત કર્યાનો આનંદ તો હતો જ પણ સાથો સાથ અહીંથી વિખૂટા પડવાનું દુઃખ પણ હતું. પૂ. લાલજી મહારાજશ્રીએ સર્વેને શ્રીનરનારાયણદેવની નિષ્ઠાનું ભાથું ભરી આવતા વર્ષે કલિવલેન્ડ (ઓહાયો)માં ફરી આવવાના આગ્રહ ભર્યા આશીર્વાદ આપી વિદાય કર્યા.

આ કેમ્પ બહેનો માટે પણ વિશિષ્ટ બની રહ્યો. કારણ કે બહેનોને પ.પૂ. ગાદીવાળાશ્રી, પૂ. શ્રીરાજા સાથો સાથ પૂ.બિંદુરાજા તથા (શ્રી સૌમ્યભાઈ અને શ્રી સુવ્રતભાઈ)નું સાનિધ્ય પ્રાપ્ત થયું. પ.પૂ. ગાદીવાળાશ્રીએ બહેનોને જ્ઞાન-ભક્તિોન ખૂબ ખૂબ ઉપદેશ, સમજણ પુરા પાડીને એમને દેવમાં જોડાઈ રહેવાની પ્રેરણા પુરી પાડી.

NNDYM ના ઈતિહાસમાં પ્રથમવાર ૬૦૦ જેટલા બાળકોનો વિશાળ સમુદાય ભેગો થયો. આ બાળકોના રહેવા જમવાની સંપૂર્ણ વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મંદિર બાયરને સંભાળી. આટલા બધા બાળકોને દરરોજ ૫ સમય ગરમાગરમ ભોજનની વ્યવસ્થા બાયરન મંદિરના ભક્તોએ જાતે કરી. પૂ. લાલજી મહારાજશ્રીએ બાયરન મંદિરના સર્વે સ્વયંસેવકોને ખૂબ ખૂબ આશીર્વાદ સાથે ધન્યવાદ પાઠવ્યા. આ કેમ્પમાં બાળકોને જ્ઞાન મળે તેવા હેતુથી સંતોમાં સ.ગુ. શા. સ્વામી નિર્ગુણદાસજી, શા. સ્વામી રામકૃષ્ણદાસજી, શા. સ્વામી અભયપ્રકાશદાસજી, શા. સ્વામી અભિષેકપ્રસાદદાસજી, સ્વામી જયવલ્લભદાસજી તથા સ્વામી બ્રહ્મસ્વરૂપદાસજી પણ જોડાયા હતા.

# ટોરડા મંદિરમાં અષાઢીનો તોલ

- મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી (શ્રી સ્વામિનારાયણ ટોરડાધામ)

સ.ગુ.મૂ.અ.મૂ. ગોપાળાનંદ સ્વામીનાં ચમત્કારો અદ્યાપિ ચાલું છે. તેનો એક દાખલો ''અષાઢી તોલ'' છે. ટોરડા મંદિરમાં અષાઢી પૂર્ણિમાની રાત્રે ગામનાં હરિભક્તો ટોરડા મંદિરમાં ભેગા થાય છે. પછી દરેક હરિભક્તો અનાજ, રસકસ, તેલિબિયા, લાલ માટી (મનુષ્ય માટે), કાળી માટી (પશુ માટે) વગેરે અડધો-અડધો તોલો લઈ સોનાના કાંટે તોલે છે. પછી તે વસ્તુઓ ભગવાનનાં વાઘામાં, અગિયાર પોટલીઓ બાંધી માટીનાં કોરા ઘડામાં મૂકી ઉપર કોડિયું ઢાંકી દેવાય છે. તે તોલનો કાંટો, તેમજ તોલ (બાટ) એ ઘડાની ઉપર મુકી દેવામાં આવે છે. આ ઘડો રાત્રે ગોપાળલાલજીનાં (સ્વામિનારાયણનાં) મંદિરમાં સિંહાસનમાં મુકી દેવામાં આવે છે. બીજે દિવસે સવારે એટલે અષાઢ વદ પડવાના (એકમ)નાં રોજ ગામનાં હરિભક્તો મંદિરમાં આવે છે. અડધો કલાક ભજન ધૂન કરવામાં આવે છે. ત્યારબાદ એ ઘડાને બહાર મંદિરનાં ઘુમ્મટ નીચે મૂકવામાં આવે છે. ઘડાનું મોઢું છોડી અંદરથી પોટલું બહાર કાઢવામાં આવે છે. તે પોટલીઓની વસ્તુઓને ફરીથી તોલવામાં આવે છે. જે વસ્તુઓ વધારે પાકવાની હોય તે તોલમાં વધે છે અને જે ઘટવાની હોય તે તોલમાં ઓછી થાય છે. જેમાં વધઘટ થવાની ન હોય તેમાં ફેર પડતો નથી. આ પ્રમાણે દર વર્ષે અષાઢી તોલવામાં આવે છે. વેપારી અને ખેડૂતો એના સમાચાર જાણવા આતુર હોય છે. આ પરિણામોને આધારે તેઓ ખેતી અને વેપાર કરે છે. આ ચમત્કાર દર વર્ષે થાય છે.

**(અષાઢી તોલની આ વર્ષની વિગત)**

| | | |
|---|---|---|
| (૧) | **લાલ માટી** | : બાજરીનાં ૬ કણ વધારે |
| (૨) | **કપાસ** | : બરાબર |
| (૩) | **કાળી માટી** | : બાજરીનાં ૨ કણ ઓછા |
| (૪) | **મકાઈ** | : બાજરીનાં ૬ કણ વધારે |
| (૫) | **રસકસ** | : બાજરીનાં ૩ કણ ઓછા |
| (૬) | **ચણા** | : બાજરીનાં ૬ કણ ઓછા |
| (૭) | **ડાંગર** | : બરાબર |
| (૮) | **મગ** | : બાજરીનાં ૫ કણ વધારે |
| (૯) | **બાજરી** | : બાજરીનાં ૧૧ કણ વધારે |
| (૧૦) | **ઘઉં** | : બાજરીનાં ૩ કણ ઓછા |
| (૧૧) | **અડદ** | : બાજરીનાં ૭ કણ વધારે |

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી

પાંડે રઘુવીરજી ઈચ્છારામજી જોગ લી પાંડે અજોધાપ્રસાદજી રામપ્રતાપજી જત તમારે તથા અમારે મંદિરો વિગેરે દેશ વિભાગ કરી મોરના રૂપૈઆ તથા દાણા તથા ઘોડાં ઢોર વગેરે જે કાંઈ હતું તથા દેશ વીભાગ કરાય છે જે કાંઈ લેણદેણ હતી તે સરવે અમે ભરાયુ છે એ આજદન સુધી અમારે તથા તમારે કોઈ વાતનો લાંઝો ટંટો નથી પરશપર અમરાં મન રાયા છે સંવત ૧૮૮૫ ના પોષ સુદ ૭ દશકત લાધા રામજી ઊભે રજુશમઝણ કરી લખું છે.

અત્ર મતુ
પંડે અજોધ્યાપ્રસાદ મતો — બ્રહ્માનંદ સ્વામીની સાખ્ય
ઊર લિખ્યું ત સહિ

શ્રીહરિની પ્રસાદીનો આ પત્ર શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હોલ નં. ૯ માં સર્વેના દર્શનાર્થે પધરાવવામાં આવ્યો છે. સર્વે હરિભક્તો તેનો લાભ લેજ્યો. આ હસ્તાક્ષરના દર્શન પણ ઘણા પુણ્યવાળા બળીયા જીવોને પ્રાપ્ત થાય છે. આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી તથા સ.ગુ. શ્રી બ્રહ્માનંદ સ્વામીના હસ્તાક્ષર-સહીઓ છે.

---

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન** (ફક્ત વોડાફોન ધારકો માટે)
પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.
મોબાઈલમાં ct<સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ગણેશ ચતુર્થી ઉત્સવ

શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં પંચદેવોને પૂજવાની આજ્ઞા કરી હોવાથી અને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં સ્વયં શ્રી હરિએ પૂજેલ શ્રી ગણપતિજીની મૂર્તિ હોલ નં. ૧ માં પ્રસ્થાપિત છે તેથી દર વર્ષની જેમ આ વર્ષે પણ આ શ્રી ગણપતિજી નું પૂજન ગણેશ ચતુર્થી ભાદરવા સુદ ચોથ તા. ૨૯/૮/૨૦૧૪ ના રોજ સવારે ૮:૦૦ થી ૧૧:૦૦ દરમ્યાન રાખવામાં આવેલ છે. ગણપતિ પૂજનમાં સર્વે હરિભક્તો ને લાભ મળે તેવા ઉમદા હેતુથી તેમાં સજોડે બેસવાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. જે હરિભક્તો ને આ મહામૂલો લાભ લેવાની ઈચ્છા હોય તેમણે રૂા. ૧૧૦૦ (અંકે રૂપિયા અગિયારસો) શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ભરી પાકી પહોંચ મેળવી લેવી. આ અંગેની વધુ માહિતી આ પાના માં નીચે આપેલ ફોન નંબરો પરથી પણ પ્રાપ્ત થઈ શકશે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - જુલાઈ-૨૦૧૪

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાર્ડિફ સત્સંગ સમાજ પ.પૂ. મોટા મહારાજશ્રીના ૭૦ મા જન્મોત્સવ નિમિત્તે**

રૂા. ૧,૦૦,૦૦૦/- અમીન રઘુવીર એન. અમદાવાદ
રૂા. ૫૧,૦૦૦/- નાથાલાલ કરશન હાલાઈ, ધનબેન નાથાલાલ હાલાઈ તથા કાન્તીભાઈ, વિનોદભાઈ અને ડૉ. કપીલભાઈ સહ પરિવાર
રૂા. ૩૮,૦૦૦/- અમૃતભાઈ સોંધાભાઈ પટેલ (કુંડાળવાળા - અમદાવાદ)
રૂા. ૨૫,૦૦૦/- શ્રી સ્વામિનારાયણ એકેડમી, નિકોલ-અમદાવાદ
રૂા. ૧૧,૦૦૦/- પ.પૂ. મોટા બહેનશ્રી, અમદાવાદ
રૂા. ૧૧,૦૦૦/- મયુરભાઈ ઠાકરશીભાઈ ચાવડા, બળોલ-અમદાવાદ
રૂા. ૧૦,૦૦૦/- નિલેષભાઈ વી. શાહ (હોંગકોંગવાળા - હા. અમદાવાદ)
રૂા. ૬,૦૦૦/- વિષ્ણુભાઈ બી. પટેલ વડુ
રૂા. ૫,૦૦૧/- અ.નિ. પ્રફુલચંદ્ર પરસોત્તમદાસ ભાવસાર (મેઉવાળા - ન્યુ મણીનગર)
રૂા. ૫,૦૦૦/- શાહ ભગવતપ્રસાદ એફ. ગાંધીનગર
રૂા. ૫,૦૦૦/- સોની જયેન્દ્રભાઈ અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- પટેલ લાલભાઈ મરઘાભાઈ ગાંધીનગર
રૂા. ૫,૦૦૦/- ભાવસાર વસુધાબેન નરેશચંદ્ર નાસિક
રૂા. ૫,૦૦૦/- કમલેશભાઈ એચ. શાહ (નેશનલ ઈન્સ્યુરન્સ) અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- નિતાબેન યોગેશભાઈ પરમાર (શ્રીહરિ રીયલ એસ્ટેટ) અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- લાલભાઈ મરઘાભાઈ પટેલ (ગાંધીનગર)
રૂા. ૫,૦૦૦/- શ્રી સ્વામિનારાયણ મંદિર (તળપદ) ડાંગરવા દૂધ દહીં લીલા દ્વિશતાબ્દી ઉત્સવ નિમિત્તે

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - જુલાઈ-૨૦૧૪

તા. ૫-૭-૧૪ શ્રી સ્વામિનારાયણ મંદિર એન્ટલાન્ટા પાટોત્સવ પ્રસંગે (યુ.એસ.એ.) પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપાથી
તા. ૬-૭-૧૪ સવારે : ભાનુબેન સુરેશભાઈ પટેલ (બાપુનગર જાનકી ફલેટ)
બપોરે : ડૉ. મગનભાઈ જી. જાગાણી હ. અશ્વિનભાઈ તથા ભરતભાઈ
સાંજે : રમણભાઈ કુરજીભાઈ સોડવડિયા (હીરાવાડી-બાપુનગર)
તા. ૧૩-૭-૧૪ શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ, અમદાવાદ - પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપાથી
તા. ૧૪-૭-૧૪ વિદ્યા બચીબેન ધર્મકુળ, અમદાવાદ - પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીના રાજીપાથી
તા. ૨૭-૭-૧૪ સવારે : અ.નિ. હરગોવિંદદાસ તારાચંદ લખતરીયા, અમદાવાદ - હ. કમલેશભાઈ શાહ તથા વિજય શાહ
સાંજે : શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ, સાબરમતી - હ. સુમનભાઈ તથા નયનાબેન
તા. ૨૯-૭-૧૪ દિલીપભાઈ ઠક્કર, દિયોદર, હ. મહંત સ્વામી (કાલુપુર)

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલ:- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com

# સત્સંગ બાલવાટિકા

## ભગવાન દુઃખી થવા નથી દેતા

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

શ્રીહરિ ભક્ત વત્સલ છે અને વળી કીર્તનમાં કહ્યું છે તેમ ''સંતોના શ્યામ દોહ્યલી વેળાનાં દામ'' જરાય ખોટું નથી. હવે વાતોમાં મોણ નાંખ્યા વગર સીધી જ વાત કરીએ તો - વાત એમ બની કે એક વખત અષાઢ મહિનો શરૂ થયો. મહારાજે આકાશ તરફ નજર કરી. ક્યાંય પાણી ભરેલી વાદળી દેખાઈ નહીં. મહારાજને ચોમાસાની ચિંતા થઈ હશે અને સાથે સાથે પોતાના સંતો અને હરિભક્તોની ચિંતા તો હોય જ ! એટલે શ્રીહરિ સંતોને ભલામણ કરે છે કે - હે સંતો ! સાંભળો, ખૂબજ અગત્યની ભલામણ કરું છું.

''આ અષાઢ સુદ પાંચમે જો આકાશમાં વિજળી ઝબુકે તો જ ગુજરાતમાં રહેજો અને જો ન ઝબુકે તો પૂર્વના દેશમાં ચાલી નીકળજો.''

બે-ત્રણ દિવસ પછી અષાઢ સુદ પાંચમ આવી. આખો દિવસ સંતોને મહારાજની વાણીનું સ્મરણ થતું. આજે રાત્રે વિજળી ઝબુકે તો ગુજરાતમાં રહેવું, નહિ તો ગુજરાતમાં રહેવું નહીં. મહારાજની આજ્ઞા પ્રમાણે પૂર્વમાં ચાલી નીકળીશું.

સંધ્યા આરતી થઈ. સંતોની નજર આકાશ તરફ છે. આકાશ વાદળાથી ઘેરાયેલું છે. પણ વિજળીનો ચમકારો થયો નહી. ખરેખર આછેરો ચમકારો થયેલો પણ વાદળાની વચમાં જણાયો નહિ. બીજે દિવસે જેતલપુર થઈ સંતોએ રામદાસભાઈ પાસે જઈ પૂર્વમાં જવાની મહારાજની આજ્ઞાની વાત કરી રજા લીધી.

પણ, આ તો રામદાસભાઈ ! સ્નેહની મૂર્તિ - તેમણે મનથી રજા ન આપી. પણ મહારાજની આજ્ઞા એટલે આજ્ઞા. તેથી ભાલમણ કરી, હે સંતો ! રોકાઈ ગયા હોત તો સારૂં હતું પણ કાંઈ નહિ, જાવ. પણ જો ગુજરાત છોડતાં પહેલાં ગાજ-વિજ-વરસાદ થાય તો જરૂર પાછા વળજો. ઉતાવળા થઈ પૂર્વમાં જતા ન રહેતા. અને શ્રીહરિ સ્વયં બધું જ જાણે છે, કોઈ પાસે હાથ લંબાવશો નહિ.

રજા લઈ સંતોએ ચાલવા માંડ્યું. વળી મહારાજની આજ્ઞા હતી. ઝાડીમાં થઈને જજો. એટલે સંતો ચાલવા માંડ્યા. ઝાડીમાં તો ન ગામ આવે કે ન નગર આવે. ચાલતા ચાલતા ત્રણ દિવસ વીતી ગયા. ભૂખ્યા થયા હતા. તરસ પણ લાગી હતી. પણ આ તો તપ ! આજ્ઞા એટલે આજ્ઞા. સંતો પ્રભુના લીલાચરિત્રો કહેતાં અને સાંભળતાં ચાલ્યા જાય છે.

સ્વામિનારાયણ ભગવાનને પોતાના સંતોની ચિંતા થઈ એટલે પ્રભુએ વેપારીનું રૂપ લીધું અને ઝાડી માર્ગે ચાલતા થયા. રસ્તામાં સંતોનું મંડળ સામું મળ્યું. એટલે પ્રભુએ સામેથી સાવ અજાણ હોય તેમ સંતોને પ્રશ્ન કર્યો -

હે સંતો ! આપ કોના સાધુ છો ? અને કોનું ભજન કરો છો ? તમારો પહેરવેશ, મુખપરની પ્રસન્નતા અને તેજ એમ જણાવે છે કે આપ જરૂર પ્રગટ પ્રભુની ભક્તિ કરતા હશો. ત્યારે સંતોએ કહ્યું - હે શ્રેષ્ઠીવર ! અમે સ્વામિનારાયણ ભગવાનના સંતો છીએ. અને તે પ્રગટ પ્રભુની ઉપાસના - ભજન - ભક્તિ કરીએ છીએ. અને નિજાનંદમાં રહીએ છીએ. વેપારીએ સંતોને કહ્યું તમને જોયા ત્યારથી મારૂં મન એવું આકર્ષિત થયું છે કે આપના મંડળને જમાડવાની મારી ઈચ્છા છે. જો આપ હા ભણો તો નજીકમાં જ આ વડોદરા જિલ્લાનું ડભોઈ ગામ છે ત્યાં આપણે બધા જઈએ. સીધું એકત્રિત કરી બ્રાહ્મણ પાસે રસોઈ કરાવી આપને જમવાની તૈયારી કરાવું. સંતોએ હા ભણી. ત્રણ ત્રણ દિવસના નકોરડા ઉપવાસ થયેલા. અને હરિ ઈચ્છાથી એ શ્રેષ્ઠી મળ્યા એટલે ના ન પાડી શક્યા. સંતો પ્રસન્ન વદને જમ્યા અને શ્રેષ્ઠીને વાત કરી. શેઠ ! ત્રણ દિવસથી ભૂખ્યા હતા. ભગવાને જ આપને મોકલ્યા. પ્રભુ મનમાં મંદ મંદ હસી રહ્યા હતા. ત્યાં એકદમ વરસાદ થયો. એટલે સંતોને યાદ આવ્યું કે - જતાં જતાં આપણને રામદાસભાઈએ આજ્ઞા કરી હતી. વાટમાં વરસાદ પડે તો પાછા વળજો. પૂર્વમાં ન જતાં અને સંતમંડળ પાછું વળ્યું અને ચાલતું ચાલતું વડોદરા પહોંચ્યુ.

સ્વામિનારાયણ ભગવાન કેવા દયાળું છે ! સંતોને દૂર દેશમાં જવાની આજ્ઞા કરી પણ ''વચનમાં વિશ્વાસ રાખે ભજનમાં ભળી'' એ મુજબ ભગવાનના વચનમાં વિશ્વાસ રાખ્યો તો એજ ભગવાને ભૂખ્યા સંતને જમાડી પણ દીધા અને વરસાદ પણ વરસાવ્યો. જેથી સંતોને દૂર દેશમાં જવું ન પડ્યું.

અનુ. પેજ નં. ૨૭પર

પ.પૂ. ધ.ધૂ. આચાર્યશ્રી ૧૦૦૮ કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા તથા આશીર્વાદથી
વિશ્વનું સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર-કાલુપુરમાં બિરાજતા
શ્રી નરનારાયણદેવના જીર્ણોદ્ધારિત મંદિર તથા સુવર્ણ સિંહાસનના ઉદ્‌ઘાટન પ્રસંગે








## મહોત્સવ સ્થળ

શ્રી નરનારાયણ નગર, તપોવન સર્કલ, મોટેરા ગામ, એસ.પી. રીંગ રોડ, અમદાવાદ.

**અધ્યક્ષશ્રી : પ.પૂ. ભાવિ આચાર્યશ્રી ૧૦૮ શ્રી વજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**

## આયોજક

મહંત સ્વામી સ.ગુ. શા. સ્વામી શ્રી હરિકૃષ્ણદાસજી તથા સ્કીમ કમિટી
તથા શ્રી નરનારાયણદેવ મહોત્સવ સમિતિ
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર - અમદાવાદ-૧
ફોન. ૦૭૯-૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮

# શ્રી નરનારાયણદેવ મહોત્સવ

**તા. ૨૪-૧૨-૨૦૧૪ થી તા. ૨૮-૧૨-૨૦૧૪**

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ અનંત જીવોનું કલ્યાણ કરવા અનંતમુક્તોને સાથે લઈ મનુષ્યદેવ ધારણ કરી પૃથ્વીલોક પર પધાર્યા. ૪૯ વર્ષ સુધી પોતાની અપાર દયા અને દિવ્ય ઐશ્વર્ય વડે અનંતજીવોને અક્ષરધામના સુખભોગી બનાવ્યા અને એ પરંપરા અવિરત ચાલ્યા કરે એ માટે દેવ, આચાર્ય, સંત અને સત્‌શાસ્ત્રની કલ્યાણકારી પરંપરા પ્રવર્તાવી. શ્રીહરિએ કરેલા અનેક અલૌકિક કાર્યો પૈકીનું શિરમોર કાર્ય એટલે મંદિરોનું નિર્માણ. ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞાથી આજથી લગભગ ૧૯૨ વર્ષ પહેલા સ.ગુ. આનંદાનંદ સ્વામીએ ગુજરાતના મુખ્ય નગર અમદાવાદમાં વિશ્વનું સૌ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિરનું નિર્માણ કર્યું અને સર્વોપરી શ્રીહરિએ સ્વહસ્તે બાથમાં લઈને સ્વસ્વરૂપ શ્રી નરનારાયદેવ પધરાવ્યા. શ્રી નરનારાયણદેવના ઉંબરા પર ઊભા રહીને "આ નરનારાયણ દેવનું સ્વરૂપ અને અમારા સ્વરૂપમાં લેશમાત્ર ફેર નથી." "જે એમ જાણે જે આ નરનારાયણદેવ અને ભગવાન સ્વામિનારાયણ જુદા છે તેણે અમને ઓળખ્યા જ નથી." "આ નરનારાયદેવની મૂર્તિ સત્સંગી માત્ર એ પૂજામાં રાખવી." આવા મહિમા વચનો સ્વમુખે કહ્યાં એવા મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવનું મંદિર સમયના ઘસારે ઘસાતા જીર્ણોદ્ધારની જરૂરિયાત ઉભી થઈ. જે તે સમયે પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞાથી તે સમયના મહંત સ.ગુ. પી.પી. સ્વામી (જેતલપુર)એ કાર્યનો આરંભ કર્યો. ત્યારબાદ પૂ. નિર્ગુણ સ્વામી તથા પૂ.નારાયણસ્વરૂપ સ્વામીએ કાર્યને આગળ ધપાવ્યું. પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી વર્તમાન મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા અમદાવાદ શ્રી નરનારાયણદેવ સ્કીમ કમિટિએ આ જીર્ણોદ્ધારના કાર્યને પુરજોશમાં વેગ આપ્યો જે હવે પૂર્ણતાને આરે છે. સાથો સાથ દેવોના સુવર્ણ સિંહાસન પર જીર્ણ થતા તે સ્થાને નૂતન સુવર્ણ સિંહાસન બનાવવાનો નિર્ધાર કર્યો જે પણ પૂર્ણ થશે. જીર્ણોદ્ધારિત મંદિર તથા નૂતન સિંહાસનના ઉદ્‌ઘાટનના પાવન પ્રસંગે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની અધ્યક્ષતામાં સૌ સંતો ભક્તોના સાથ સહકારથી ભવ્યાતિભવ્ય "શ્રી નરનારાયદેવ મહોત્સવ" તા. ૨૪-૧૨-૨૦૧૪ થી તા. ૨૮-૧૨-૨૦૧૪ પર્યંત ધામધૂમથી ઉજવવાનું નિર્ધારેલ છે. તો આવો આપણે સૌ સાથે મળી આપણું તન, મન અને ધન શ્રી નરનારાયણદેવના ચરણોમાં સમર્પિત કરી આ ઉત્સવને ઉમંગથી ઉજવીએ.














૧.શ્રી સ્વામિનારાયણ મંદિર, બાયરન (યુ.એસ.એ.)માં શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ દ્વારા આયોજીત કેમ્પમાં યુવાનોને આશીર્વાદ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી .૨. બાયરન મંદિરમાં રંગોત્સવ દરમ્યાન હરિભક્તો સાથે રંગે રમતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.૩. બાયરન મંદિરમાં ગુરૂપૂર્ણિમા પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીની આરતી ઉતારતા સંત- હરિભક્તો (ત્યાં યુવાનોના હાથ પર લખેલી ‘‘ સ્ટ્રીકલી અન્ડર શ્રી નરનારાયણ દેવ’’ નોટીસ ઉડીને આંખે વળગતી હતી.)






























૧. શ્રી નરનારાયણ દેવ પીઠાધિશ્વર પ.પૂ.ધ.ધુ.આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૪૨માં જન્મોત્સવ મહોત્સવના ઉપલક્ષમાં નડિયાદ કચ્છ સ્વામિનારાયણ સત્સંગ દ્વારા પ.પૂ.મહારાજશ્રીના સાંનિધ્યમાં સભા. ૨. ૪૨માં જન્મોત્સવ પ્રસંગે મહેસાણાના હરિભક્તો દ્વારા પદયાત્રા. ૩. ૪૨માં જન્મોત્સવના ઉપલક્ષમાં પાટણ, કુજાડ, નારાયણ નગર અને હિંમતનગર માં સત્સંગ સભા અને સીતાપુરમાં સમૂહ મહાપૂજા. ૪. અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણ દેવ કેશર સ્નાનના યજમાન પ.ભ. પ્રકાશભાઈ લાલભાઈ પટેલ (ઉનાવા)પૂજનનો લાભ લેતા.



















૧. અમદાવાદ મંદિરમાં શ્રાવણ માસમાં કથા પારાયણ પ્રસંગે આશીર્વચન આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા યજમાન પરિવાર. ૨.શ્રી નરનારાયણ દેવ મહોત્સવના ઉપલક્ષમાં નાંદોલ ગામે સત્સંગ સભામાં લાભ આપતા સંતો.૩.દહેગામ ગામે શ્રી ન.ના. દેવ મહોત્સવ પ્રસંગે અખંડધૂન ૪. શ્રી ન.ના.દેવ ઉત્સવના ઉપલક્ષમાં ઘમીજ ગામે સત્સંગ સભામાં સંત-હરિભક્તો.૫.આમજા, વાગોસણા અને સરઢવ ગામે સત્સંગ સભામાં લાભ આપતા સંતો.૬. શ્રી ન.ના.દેવ ઉત્સવના ઉપલક્ષમાં માધવગઢ (તલોદ) ગામે સંતો દ્વારા સત્સંગ સભા અને બહેનો દ્વારા ૧ ૨ કલાકની અખંડધૂન




મૂળી મંદિર દ્વારા નિર્મિત શ્રી રાધાકૃષ્ણ દેવ - શ્રી માંડવરાયજી પ્રવેશદ્વારનું ગુરૂપૂર્ણિમા પ્રસંગે ઉદ્‌ઘાટન કરતા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા મૂળી મંદિરમાં ગુરૂ પૂર્ણિમા પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીનું પૂજન કરતા હરિભક્તો.






૧.એટલાન્ટા મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી .૨. શિકાગો મંદિરમાં ગુરૂપૂર્ણિમા પ્રસંગે ગુરૂ પૂજન કરતા સંત- હરિભક્તો.૩. વોશિંગ્ટન ડી.સી. મંદિરમાં હિંડોળા દર્શન. ૪. ડિટ્રોઈટ મંદિરમાં રથયાત્રા અને ગુરૂપૂર્ણિમા દર્શન.

## મહોત્સવ દરમિયાનના આયોજનો

- શ્રીમદ્ સત્સંગીભૂષણ અંતર્ગત શ્રી નરનારાયણદેવ માહાત્મ્ય કથા
- એક દિવસીય શ્રી હરિયાગ (યજ્ઞ)
- ૩ દિવસ સમૂહ મહાપૂજા
- મહાઅભિષેક, છપ્પન ભોગ અન્નકૂટ
- શ્રી નરનારાયણદેવની નગર યાત્રા
- પ્રદર્શન
- શ્રી સ્વામિનારાયણ મહામંત્ર અખંડ ધુન
- બ્લડ ડોનેશન કેમ્પ
- સર્વ રોગ નિદાન કેમ્પ
- ૧૧૦૦૦ દિવાઓ વડે કાલુપુર મંદિરની સમુહ આરતી
- શ્રી નરનારાયણદેવ બાલમંડળ તથા બાલિકામંડળ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ

## મહોત્સવના ઉપલક્ષમાં ધાર્મિક આયોજનો

- ૨૫૧ ગામડે સત્સંગ સભાઓ
- ૧૫૧ મીનીટની ૨૫૧ ગામડે અખંડધૂન
- ૫૧ કરોડ "શ્રી સ્વામિનારાયણ" મહામંત્ર લેખન
- જનમંગલ - ૧,૨૫,૦૦,૦૦૦, વચનામૃત - ૫૧૦૦, ભક્તચિંતામણી - ૫૧૦૦ પાઠ
- પદયાત્રા દ્વારા કાલુપુર શ્રી નરનારાયણદેવ દર્શન
- ૧૧૦૦૦ શ્રી સ્વામિનારાયણ મેગેઝીન સભ્યપદ ઝુંબેશ

## મહોત્સવના ઉપલક્ષમાં સામાજીક આયોજનો

- ૧,૨૫,૦૦૦ વૃક્ષારોપણ
- ૨૧૦૦ બોટલ બ્લડ ડોનેશન તથા સર્વરોગ નિદાન કેમ્પ
- ૧૧૦૦૦ શૈક્ષણિક સાધનોનું વિતરણ (ગામડાઓના બાળમંડળના વિદ્યાર્થીઓને)
- વ્યસન મુક્તિ અભિયાન
- ૧૫૧ અપંગોને ટ્રાઈસિકલ વિતરણ

## આપનો સહયોગ

આ મહોત્સવના ઉપલક્ષમાં આપ આપના પરિવારજનો, મિત્રો સાથે મળી માળા, દંડવત્, પ્રદક્ષિણા, જનમંગલ-વચનામૃત-ભક્તચિંતામણીના પાઠ, મહામંત્રલેખન, પદયાત્રા જેવા નિયમો લઈ અથવા લેવડાવી વિશેષ ભજન કરશો. (જે માટે નોટબુક તથા ફોર્મ આપણા શ્રી સ્વામિનારાયણ મેગેઝીન અથવા તો કાલુપુર મંદિરની ઓફિસમાંથી મળશે.)

આર્થિક રીતે યોગદાન આપી સહભાગી થવા ઈચ્છતા ભક્તો મહોત્સવ દરમિયાન આયોજીત સમુહ મહાપુજા-હરિયાગ તથા અન્ય યજમાન પદનો લાભ લઈ શકશે.

| | |
|---|---|
| ૧૧,૦૦૦/-<br>૨૧,૦૦૦/- | તા. ૨૫-૧૨-૨૦૧૪ના રોજ સમૂહ મહાપૂજાનો લાભ મળશે. (પ.પૂ. લાલજીમહારાજશ્રીના સાનિધ્યમાં) |
| ૩૧,૦૦૦/-<br>૫૧,૦૦૦/- | તા. ૨૬-૧૨-૨૦૧૪ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના નિવાસસ્થાને નિત્ય ધર્મકુળ દ્વારા પૂજાતા પ્રસાદીના હરિકૃષ્ણ મહારાજની મહાપૂજા(પ.પૂ.મોટા મહારાજશ્રીના સાનિધ્યમાં) |
| ૧,૦૦૦૦૦/-<br>કે તેથી વધુ | તા. ૨૭-૧૨-૨૦૧૪ સર્વાવતારી ભગવાન શ્રીહરિની પૂજામાં રહેલાં અને પૂજ્ય આચાર્ય મહારાજશ્રી જેની દરરોજ પૂજા કરે છે એવા પ્રસાદીના શાલિગ્રામ ભગવાનની મહાપૂજા (પ.પૂ.આચાર્ય મહારાજશ્રીના સાનિધ્યમાં) |
| ૨,૦૦૦૦૦/-<br>કે તેથી વધુ | તા. ૨૭-૧૨-૨૦૧૪ એકદિવસીય શ્રીહરિયાગ (યજ્ઞ)ના પાટલે બેસવાનો લાભ. |

આથી વિશેષ સેવા કરીને વિશિષ્ટ યજમાન પદનો લાભ લેવા ઈચ્છતા ભક્તજનોએ કાલુપુર મહંત સ્વામી અથવા આગેવાન સંતોનો સંપર્ક કરવો.

Harikrushna Graphics • 982-5850-559, 987-9961-789

## : મહામહોત્સવનું સ્થળ :
## તપોવન સર્કલ, મોટેરા ગામ, અમદાવાદ.

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**

**"મૂળ કારણ અધુરુ જ્ઞાન છે"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

સર્વે મહિલા માત્રના ગુરુ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ શ્રી ગાદીવાળા મહારાજ ખૂબ ખટકો રાખીને સંપ્રદાયના મહિલા શિષ્ય વર્ગને પોતાના વાણી પ્રવચનનો લાભ અનેક વખત આપે છે. ખૂબ ગાંભીર્ય ધરાવતા આ પ્રવચનો - ઉપદેશો આત્મસાત્ કરવામાં આવે તો આ જીવને પરમાત્માનો ભેટો જરૂર થાય તેમ છે. તેઓશ્રીના અમૃત વચનોમાંથી થોડી રત્નકણિકાઓનું અત્રે સંકલન કરવામાં આવ્યું છે. બહેનોએ તે પ્રમાણે વાણી, વ્યવહાર અને વર્તન રાખવું તો શ્રીજી મહારાજ જરૂર રાજી થશે.

જીવ જન્મતા પહેલા જ્યારે ગર્ભની અંદર હોય છે ત્યારે પ્રાર્થના કરી પરમાત્માને પોકારે છે કે ગર્ભમાંથી બહાર નીકળીને હું આપનો દાસ બનીને રહીશ. તમારી ભક્તિ કરીશ. આપ મને ગર્ભવાસના આ દુઃખમાંથી મુક્ત કરો. અને ગર્ભની બહાર નીકળીને તરત જ બધું ભલી જાય છે. અને સંસારની 'નાશવંત' વસ્તુને પ્રાપ્ત કરવામાં આકાશ-પાતાળ એક કરી નાખે છે અને તે બધું પ્રાપ્ત કર્યા પછી જીવનનો અંત આવી જાય છે. અને જે 'શાશ્વત' વસ્તુ છે તે પ્રાપ્ત કરવાની બાકી રહી જાય છે.

પરંતુ આપણે તેમ થવા દેવાનું નથી. મહારાજે આપણને આ સત્સંગ આપીને બધું જ આપણા માટે ખૂબ સરળ કરી દીધું છે. ત્યારે આપણે જાગ્રત થવાની ને સજાગ બનીને વિવેકથી જ્ઞાન પ્રાપ્ત કરવાની જરૂર છે. પરંતુ આપણે જાગ્રત નથી રહી શકતા તેનું મૂળ કારણ અધુરુ જ્ઞાન છે. સંસાર નાશવંત છે. ક્ષણિક છે. આપણે બધું જાણવા છતાં મોહ પામીએ છીએ. એટલે તેને અધુરુ જ્ઞાન કહેવાય છે. માટે વિચારવાની જરૂર છે. શરીર શું છે ? આત્મા શું છે ? જગત શું છે ? તો શરીર વિનાશી છે. આત્માને રહેવાનું ઘર છે. તેની અંદર રહેલો 'આત્મા' કાયમી છે. તે જ આપણું સ્વરૂપ છે. અને સર્વ ક્રિયાઓથી પર છે. અને જ્ઞાન સ્વરૂપ છે. પરંતુ આપણે શરીરને જોઈ શકીએ છીએ, અને આત્માને જોઈ નથી શકતા એટલે ભૂલી જવાય છે. જેમ ચકમક પાણાની અંદર અગ્નિ હોય છે. પણ આપણે જોઈ શકતા નથી. પરંતુ તે પથ્થરને ઘસીએ છીએ ત્યારે જ દેખાય છે. તેમ શરીરને સત્સંગરૂપી ઘસારો થાય છે ત્યારે આપણને આત્માનું દર્શન થાય છે. એટલે આત્માને જ્ઞાનથી અનુભવી શકાય છે. અને આ જગત છે ને તે 'કાર્યક્ષેત્ર' છે. કર્મ કરવાની જગ્યા છે અને આપણને આ જગતમાં જે કાંઈ પ્રાપ્ત થયું છે તે સાધન છે. તો આપણને શું પ્રાપ્ત થયું છે ? તો આપણને આ સત્સંગ પ્રાપ્ત થયો છે. એટલે બધું જ પ્રાપ્ત થઈ ગયું છે. માત્ર જરૂર છે આપણે મહેનત કરવાની. જેમ વિદ્યાર્થી કલાસમાં જાય છે. એટલે બધું તૈયાર હોય છે. વર્ગ શિક્ષક હોય છે. નોટબુક બધા પુસ્તકો વગેરે ભણવાના બધા સાધનો તૈયાર હોય છે. શિક્ષક બધું ભણાવે છે. નોટબુક લખાવે છે. સમજાવે છે. બધું જ કરાવે છે છતા પણ તે વિદ્યાર્થી પર નિર્ભર છે કે તેને બધું લખવાનું છે. સમજવાનું છે કે પછી કલાકોના કલાકો બગાડવાના છે. મનગમતા ચિત્રો દોરવાના છે કે પાના ફાડવાના છે. તેમ આપણે સત્સંગમાં આવ્યા છીએ તો મહારાજ આપણા માટે બધું તૈયાર કરીને ગયા છે. આપણને મંદિરો આપ્યા, સંતો આપ્યા, આચાર્યો આપ્યા, સત્શાસ્ત્રો આપ્યા. પછી આપણા પર નિર્ભર છે કે આપણે આ સત્સંગમાંથી જ્ઞાન પ્રાપ્ત કરી પ્રગતિ કરી પરમાત્મા સુધી પહોંચવું છે કે નહિ? આ સત્સંગમાં જે વિવેકી વ્યક્તિ છે તે આ સંસારમાં ફસાતા નથી. સત્સંગ પ્રાપ્ત થયા પછી સંસાર અઘરો છે. પરંતુ અક્ષરધામની પ્રાપ્તિ સહેલી છે. સત્સંગ છે ને તે અંધકારથી પ્રકાશ તરફ લઈ જાય છે. આપણે ખેતરમાં બીજ વાવીએ છીએ ને તો બધું ઉગતું નથી પણ સત્સંગની એક એક કણ ઉગે છે. માટે સત્સંગનું જોર રાખવું, બળ રાખવું પણ આપણે નાશવંત વસ્તુ તેના દાસ બની જઈએ છીએ. અને નાશવંત વસ્તુનું દાસપણું આપણને અવિનાશીથી દૂર રાખે છે. અર્થાત્ અવિનાશીનું સુખ પ્રાપ્ત થવા દેતું નથી. અવિવેક અને અજ્ઞાનને લીધે જ્યારે ખોટો ભાસ થાય ત્યારે હું આત્મા નહિ પણ 'શરીર' છું તેમ મનાવા લાગે છે. ત્યારે વ્યક્તિમાં રજોગુણની વૃદ્ધિ થાય છે. અને રજોગુણનો વધારો થાય છે. ત્યારે વ્યક્તિને અનેક પ્રકારની કામનાઓ ઘેરી લે છે. અને સત્વગુણી

માણસને પણ રજોગુણ અને તમોગુણથી વિક્ષેપ થાય છે. પરંતુ જો સત્વગુણી માણસો વિવેકી હોય તો વૈરાગ્યની ભાવના લાવી ક્ષય દર્શન કરી લે છે. ક્ષય દર્શન એટલે માણસને ખ્યાલ આવી જાય છે કે આ રસ્તે જવાથી મારુ પતન થશે. આમ સત્વગુણી માણસ વૈરાગ્યની ભાવના લાવીને મનને કાબુમાં રાખી શકે છે. સત્સંગના માધ્યમથી આપણે સત્વગુણ તરફ આગળ વધી શકીએ છીએ. આપણી આધ્યાત્મિક ઉન્નતિ થાય છે. સત્સંગના માધ્યમથી 'દાનવી' પ્રકૃતિ 'માનવી' પ્રકૃતિમાં પરિવર્તિત થાય છે. દાનવી પ્રકૃતિવાળા લોકો ધર્મની જગ્યા ધનને, સંતની જગ્યા સંપત્તિને અને સમતાની જગ્યા મમતાને આપી દે છે. તેને 'દાનવી' પ્રવૃત્તિ કહેવામાં આવે છે. કોઈનું ખરાબ કરવાની ભાવના કોઈના માટે ખોટા વિચારો કરવા તેને દાનવી પ્રકૃતિ કહેવામાં આવે છે. બે મિનિટ માટે પણ કોઈની ટીકા કરીએ તો આખા દિવસમાં હજાર માળા ફેરવી હોય ને તે બધું વ્યર્થ જાય છે. આપણી અંદર દાનવી પ્રકૃતિરૂપી જે કચરો ભરી રાખ્યો છે તેને પરિણામે અંતઃકરણ શુદ્ધ થતું નથી.

આપણી પાસે સમય ઓછો છે. આવતી સેંકડે શું થવાનું છે તેની આપણને કોઈને ખબર નથી. રંક હોય કે રાજા હોય રાખનો ઢગલો જોઈને કોઈ બતાવી શકશે નહિ કે આ 'રાખ' કોની છે. ચાર રૂમનું મકાન હોય કે બંગલો હોય કોઈ કાંઈપણ સાથે લઈ જવાનું નથી. માટે દરેક રીતે તૈયારી કરવાની, એટલું તૈયાર રહેવાનું કે અંત સમયે બધું ભૂલીને મહારાજ જોડે જઈ શકાય. અને અંતઃકરણ એટલું શુદ્ધ રાખવાનું કે મહારાજ આપણો હાથ પકડી શકે. મહારાજે આ સત્સંગમા આપણને શુદ્ધ થવા માટે જ મોકલ્યા છે. માટે આપણે એટલા શુદ્ધ હોવા જોઈએ કે મહારાજની આંખ સાથે આપણી આંખ મિલાવી શકીએ. નહિ તો અંત સમયે મહારાજ આવીને પણ પાછા જતા રહેશે.

તમે બધાએ આજે 'નિર્જળા' એકાદશી કરી છે તો મહારાજ તમને તપ અને ભક્તિ કરવાનું ખૂબ બળ આપે તેવી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

●

**પવિત્ર શ્રાવણ માસ**

- પટેલ લાભુબેન મનુભાઈ (કુંડાળ, તા. કડી)

આ દેશને ધર્મ વગર કે ભગવાન વગર ચાલે ખરું ? શ્રાવણ માસમાં તો વિશેષ પાઠ-પૂજન કે દર્શન થાય છે. ધર્મનો મહિમા ખૂબ વધી જાય છે. જો કે ભગવાનનું દર્શન અને ભજન બારેમાસ કલ્યાણકારી મનાયુ છે. અને આ દર્શન કરવાનો યોગ મુમુક્ષુઓને અનેક જગ્યાએ અનેક રીતે મળતો રહે છે. મોટા મોટા શિખરબંધ મંદિરોમાં કે રસ્તે આવતાં નાના નાના દેરાઓમાં ધાતુ વગેરે આઠ પ્રકારની પ્રતિમામાં પણ ભગવાનનાં દર્શન થાય છે.

આ ઉપરાંત દરેક વ્યક્તિ પોતાનાં ઘરમાં પણ પૂજા-પાઠ કરે છે ત્યારે તેમાં પણ ભાવથી ભગવાનનાં દર્શન કરે છે. ભારત દેશમાં તો ક્યાંક ક્યાંક પોતાના ઈષ્ટદેવે વાપરેલી વસ્તુઓ - પદાર્થો પણ ભક્તોને ત્યાં કે મંદિરોમાં સચવાય છે તેમાં પણ ભગવાનનો ભાવ લાવી આદર થકી તેનાં દર્શન કરવાનો રિવાજ છે.

ઉપરાંત પોતાના ઘરમાં નાનકડું દેવ મંદિર બનાવ્યું હોય અથવા ક્યાંક ભજન-કીર્તન કે સત્સંગ સભાઓ થતી હોય, વળી પોતાનાં જ ઘરમાં રાત્રે સૂતા પહેલાં ઘરના બધા સભ્યો મળીને પ્રાર્થના કે ઘરસભા જેવું કંઈક કરતાં હોય તેમાં પણ ભગવાનનાં દર્શન કર્યાનો સંતોષ મેળવતા હોય છે. પરંતુ આ દર્શન નિત્ય નવા ને નવા રહે એ અત્યંત જરૂરી છે. ઘણીવાર અડધો-અડધો કલાક ભગવાન સામે ઉભા હોય કે, માળા ફેરવી હોય પણ ઘરે ગયા પછી ભગવાનની તે મૂર્તિને યાદ કરવા બેસો ત્યારે તેમાંનું કાંઈ યાદ રહેતું નથી. માટે હવે દર્શન કરવાની રીતમાં થોડો સુધારો કરવાની જરૂર છે.

ગાડામાં સાધુ-સંતો રસ્તે જતા હોય અને કોઈ ગૃહસ્થ જતો હોય તો તે સાધુ-સંત ને નમસ્કાર કરીને આગળ વધે એવો વિવેક રાખવામાં આવતો. શહેરીજનો આજે ભલે એવું ન કરે પણ જ્યારે મંદિરમાં કે અન્યત્ર દર્શન કરવાનો યોગ આવે ત્યારે એકાગ્ર દ્રષ્ટિએ દર્શન કરવા જોઈએ.

આપણે ત્યાં ઘરમાં પૂજા કરતાં હોઈએ ત્યારે પણ બાજુમાં ટી.વી. ચાલતું હોય, એટલે એક નજર ભગવાન પર અને એક નજર ટી.વી. પર સહેજ થઈ જાય. અથવા પૂજાની બાજુમાં જ છાપું આવીને પડ્યું હોય એટલે માળા ફેરવતાં ફેરવતાં છાપામાં મથાળાં વંચાતા જાય. આદિ દૃષ્ટિવાળા ને સ્વામિનારાયણ ભગવાને 'ફાટેલ દ્રષ્ટિ વાળાં' કહ્યાં છે. આવા દર્શન કરવાથી તેનું પૂર્ણ ફળ મળતું નથી. અને દર્શન પણ નિત્ય નવીન રહેતા નથી. દરેકનાં અંતરમાં ભગવાન તો રહ્યા જ છે. પણ તે ક્યારે પ્રગટ થાય

? તપના પ્રભાવથી અને દેવની કૃપાથી દેવની પૂજા સાથે થોડું તપ પણ ભળવું જોઈએ. આ તપને સંયમ આપણે કહી શકીએ. જેમ દ્રોણ ગુરુએ કૌરવો અને પાંડવોની બાણ વિદ્યાની પરીક્ષા લીધી ત્યારે દરેકને વારા ફરતી પૂછવામાં આવ્યું કે, સામે શું દેખાય છે. કોઈએ કહ્યું ઝાડ, પક્ષી, કોઈએ કહ્યું પાંદડા, ડાળી, પક્ષી, ફુલ બધું જ દેખાય છે પણ અર્જુનને પૂછ્યું ત્યારે કહ્યું બધું જ દેખાતું હવે બંધ થયું છે. હવે માત્ર પક્ષીની આંખ જ દેખાય છે. આમ સંયમથી એકાગ્રતા કેળવી તો તેણે નિશાન પાર પાડ્યું. એવી રીતે તન, મન, આત્મા ત્રણેય ઈશ્વર ભક્તિમાં લીન થાય તો પ્રભુ ભક્તિ ફળે છે. માત્ર આંખથી જ જોઈએ તે દર્શન નથી પણ આંખ સાથે મન ભળે ત્યારે સાચા દર્શન થાય છે. દર્શન કરતી વેળાએ જેટલો સમય મન સ્થિર થયું એટલું જ દર્શન સાચું. ભગવાનની ભક્તિ કરતાં કુટુંબનો કલેશ, વેપાર ધંધાની વાતો કે બીજા વિચારો વાગોળશો તો કશું હાથ નહીં આવે. આવી ભક્તિ પણ ભક્તિ નથી. માત્ર દૈનિક ક્રમ છે. એટલું જ.

દરરોજ ભગવાનને આ માટે પ્રાર્થના કરવી. આ એક અમોઘ શાસ્ત્ર છે. તેનાથી જરૂર દરેક કાર્યમાં સફળતા મળે જ છે. ભગવાનને કહેવું કે તું મને મોહમાયામાંથી મુક્ત કરી તારી ભક્તિ કરવાનો સમય આપ. એક દિવસ ભગવાન તમારી પ્રાર્થના જરૂર સાંભળશે.

અનુ. પેજ નં. ૧૬ પર નું

આમ, જો ભગવાનની આજ્ઞા અને વચનમાં વિશ્વાસ રાખીશું તો ભગવાને સ્વયં કહ્યું જ છે ને કે ''મારા આશ્રિત ને ક્યારેય અન્ન-વસ્ત્રથી દુઃખી થવા નહીં દઉં.''

●

### હૃદય નિર્મળ બની જાય

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એકવાર શ્રીજી મહારાજ ઉતર ગુજરાતના ઉંઝા ગામના પાદરે પધાર્યા. વડના વૃક્ષ હેઠે ઉતર્યા. સાથે કાઠી દરબારોના ઘોડા પણ હતા. મહારાજે કહ્યું. આ મોટું તળાવ છે જાઓ ત્યાં ઘોડાને પાણી પાઈ આવો. બધા જ અસ્વારો પોત પોતાના ઘોડા લઈ અને ઉંઝાના એ તળાવમાં પાણી પાવા ગયા પણ તળાવમાં એક વેંત જેટલી જાડા દળવાળી ભયંકર લીલ હતી. પાણી તો દેખાય જ નહિ. એટલે ઘોડા તરસ્યા પાછા આવ્યા. મહારાજ ! તળાવ તો ઘણું મોટું છે. પણ એવી ભયંકર લીલ છે તેથી પાણી તો નજરે ચડતું નથી.

અને એ જ વખતે ગામના ઘણા માણસો મહારાજનાં દર્શન માટે આવ્યા અને મોટી સંખ્યામાં ભક્તો, મુમુક્ષુઓ, જીજ્ઞાસુઓ બધા ઉભા હતા. એ સૌ બોલ્યા, કે હે સ્વામિનારાયણ ભગવાન ! આ તળાવમાં કોઈકનો મોટો શાપ છે કે પાણીમાંથી ક્યારેય પણ લીલ જતી જ નથી અને આ તળાવ પણ ઘણું મોટું છે. બારે માસ પાણી રહે છે. પરંતુ એ પાણી કોઈને કામ લાગતું નથી. ગામના માણસોની વાત સાંભળી મહારાજ માણકી ઉપર અસ્વાર થયા અને માણકીને લઈ તળાવના પાણીમાં ઉતર્યા. ગામના હજારો માણસો તળાવની પાળે ઉભા ઉભા જોતા હતા અને શ્રીજી મહારાજે પોતાની માણકી ઘોડીને એ લીલમાં નાખી અને મહારાજના ચરણના સ્પર્શથી ઘોડીના પગથી એ લીલ તૂટવા માંડી. મહારાજ ઘોડીને ઉંડી લઈ ગયા. અને એવી લીલ તૂટવા માંડી કે એના ફટાકા થવા માંડ્યા અને ઘડી અડધી ઘડીમાં તો આખા તળાવમાં એક પૈસાભાર પણ લીલ રહી નહી. અને આખા તળાવનું પાણી નિર્મળ થઈ ગયું.

ગામના માણસોએ નજરે જોયું. સૌને નિશ્ચય થયો કે સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન છે. અને એમણે આપણા ગામ માટે બહુ મોટું કામ કરી આપ્યું. આ મોટો પરચો થયો અને ગામના માણસો જઈ જઈને એક એક શ્રીફળ લાવી અને મહારાજના ચરણે મૂકવા માંડ્યા. એ શ્રીફળનો મોટો ગંજ થયો તે બધા જ ભક્તને મહારાજે સેવામાં બેસાડ્યા. એ શ્રીફળ બધા વધેર્યા અને શ્રીફળની પ્રસાદી કરી આખા ગામને વહેંચી. આવો પ્રભાવ મહારાજે ઉંઝામાં બતાવ્યો.

વહાલા ભક્તો જેમ તળાવમાં જામેલી લીલનાં પડ આખા તળાવનાં પાણીને નકામું બનાવી દે છે તેમ આપણા હૃદયમાં પણ દુર્ગુણોનાં પડ જામ્યા હોય છે. એવા હૃદયમાં જો પરમાત્મા પધારે તો (એટલે કે ભગવાનનું ધ્યાન ભજન કરવાથી) જનમ જનમનાં પડ ઉખડી જાય છે અને હૃદય નિર્મળ બની જાય છે.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી
(શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ પંચવર્તમાન કોને કહેવાય છે ?
